समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરની કચેરી
સમગ્ર શિક્ષા, શાળા ક્રમાંક– ૧૯, ડચ ગાર્ડન રોડ,
નાનપુરા, સુરત.
ફોન/ફેક્સ નં. ૦૨૬૧ ૨૫૯૪૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

નં.જિ.પં.શિ.સ. એસ.એસ.એ./SIVIL/૨૦૨૪-૨૫/ 11469 તા. ૨૬/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા( યાદી મુજબ)
જિ-સુરત

વિષય: મિશન સ્કુલ્સ ઓફ એક્સેલેન્સ ૨.0 અંતર્ગત રાજ્યની અનુદાનિત માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધા માટે આર્થિક સહાય આપવા બાબત.

સંદર્ભ: (૧) માન.નાયબ સચિવ, શિક્ષણ વિભાગ ગુજરાત સરકારનો વહીવટી મંજૂરીનો ઠરાવ ક્રમાંક નંબર ED/GBM/e-file/3/2023/5028/G સચિવાલય, ગાંધીનગર તા.08.08.2025 પત્ર.
(૨)માન.સચિવશ્રી, સમગ્ર શિક્ષા,ગાંધીનગરનો ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૫૩૮૮૪-૯૧૮ તા. ૨૦/૯/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આથી જણાવવાનું કે, રાજ્યની સરકારી શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવાં માટે આર્થિક સહાય આપવાની બાબતે સરકારશ્રીનો શિક્ષણ વિભાગ તરફથી સંદર્ભ પત્રથી થયેલ ઠરાવ ક્રમાંકમાં જણાવ્યા મુજબ મુજબના ધારા ધોરણમાં આવતી શાળાઓની માળખાકીય સુવિધા માટે સહાયની જરૂર હોય તેવી શાળાઓએ ખૂટતા વર્ગખંડોના બાંધકામ અને મેજર રીપેરીંગ/ રીનોવેશનના કામ માટેની માળખાકીય સુવિધાઓની જરૂરિયાત જણાતી હોય તેવી શાળાઓએ સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં અરજી કરવાની રેહશે. વિવિધ પ્રકારની માળખાકીય સુવિધાઓ માટે આર્થિક સહાયના ધોરણો અને સહાય આપવાની કાર્ય પદ્ધતિ ઠરાવમાં જણાવ્યા મુજબ રહેશે.

ઉપરોક્ત બાબતે માળખાકીય સુવિધાઓની માટેની સહાય આપવાની કાર્યપદ્ધતી મુજબ આર્થિક સહાય મેળવવા ઈચ્છતી શાળાઓએ મોડામાં મોડા તા.૨૯/૦૯/૨૦૨૫ સુધીમાં નિયત નમૂનામાં તે અંગેની દરખાસ્ત અત્રેની કચેરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ: (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવની નકલ

(૨) દરખાસ્ત પત્રકનો નમુનો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

NIPUN BHARAT

पायानी साक्षरता अने अंक ज्ञान

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેકટર- ૧૯,
ગાંધીનગર--૩૮૨૦૧૭
ફોન નં. ૦૭૯.૨૩૨૪૩૧૩૩, ૨૯૬૩૮૪૦૪
**Email: ssamcivilgcpe@gmail.com**
**Website: www.ssagujarat.org**
સિવિલ હેલ્પલાઇન નં. ૦૭૯-૨૨૮૮૦૦૫૧

ક્રમાંક : એસએસ/સિવિલ/ ૫૩૦૮૦૭- ૯૫૮ તા.૨૦/૯/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લા: તમામ

વિષય: મિશન સ્કુલ ઓફ એકસેલન્સ ૨.૦ અંતર્ગત રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધા માટે આર્થિક સહાય આપવા બાબત...

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ઠરાવ ક્રમાંક: ED/GBM/e-file/3/2023/5028/G, તા. ૦૮.૦૮.૨૦૨૫

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. શાળાકીય શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે જેમાં ખાસ કરીને મિશન સ્કૂલ્સ ઓફ એકસેલેન્સ અંતર્ગત રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન થઇ રહ્યું છે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવી રહેલ અનેક પરિણામલક્ષી પગલાંઓને લીધે અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં આવનાર સમયમાં ખૂબ વધારો થવાની સંભાવના છે. જેથી સરકારી શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આર્થિક સહાય આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

સંદર્ભિત ઠરાવ ધ્વારા મુદા નં ૫ માં માળખાકીય સુવિધાઓ માટેની સહાય આપવાની કાર્યપધ્ધતિ મુજબ આર્થિક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓએ મોડામાં મોડા જે તે વર્ષની ૩૦ સપ્ટેમ્બર સુધીમાં નિયત નમૂનામાં તે અંગેની દરખાસ્ત સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવા માટે જણાવેલ. જે માટે દરખાસ્ત પત્રકનો નમૂનો આ સાથે સામેલ છે.

બિડાણ: દરખાસ્ત પત્રકનો નમૂનો

સચિવ
સમગ્ર શિક્ષા,ગાંધીનગર

નકલ સવિનય રવાના

- પી એ ટુ અગ્ર સચિવ, પ્રા. અને મા. શિક્ષણ વિભાગ

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# શિક્ષણ વિભાગ – ગુજરાત રાજ્ય સરકાર

# Education Department – Government of Gujarat

## મિશન સ્કુલ ઓફ એક્સલેન્સ ૨.૦ અંતર્ગત રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને

## માળખાકીય સુવિધા માટેનું દરખાસ્ત પત્રક

| | | |
|---|---|---|
| | | **શૈક્ષણિક વર્ષ:.......................................** |
| **1. દરખાસ્તની તારીખ** | : | |
| **2. શાળાનું નામ** | : | |
| **3. શાળાનો પ્રકાર** | : | કન્યા/કુમાર/મિશ્ર |
| **4. UDISE નંબર** | : | |
| **5. જિલ્લો** | : | |
| **6. તાલુકો** | : | |
| **7. ગામ** | : | |
| **8. શાળા સ્થાપના વર્ષ** | : | |
| **9. વિસ્તાર** | : | શહેરી / ગ્રામ્ય |
| **10. વિસ્તાર** | : | આદિજાતિ / બિન આદિજાતિ |
| **11. છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષના ગુણોત્સવનું પરિણામ** | : | શૈક્ષણિક વર્ષ _______ માં ___ ગ્રેડ |
| **12. સંચાલકની વિગતો** | : | |
| **13. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ માન્યતાની વિગતો** | : | |
| **14. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ** | | |
| **15. શાળા જમીન માલિકીની વિગત** | : | |
| **16. સંસ્થા/ટ્રસ્ટની આર્થિક સધ્ધરતાના આધારો** | : | |

| | | |
|---|---|---|
| **17. શાળાના મકાન માલિકીની વિગત** | : | |
| **18. શૈક્ષણિક વર્ગોની વિગતો** | : | કુલ વર્ગો ધોરણ ________ થી _______ સુધી. |
| પ્રાથમિક | : | ધોરણ ________ થી _______ સુધી |
| માધ્યમિક | : | ધોરણ ________ થી _______ સુધી |
| ઉચ્ચતર માધ્યમિક ( વિજ્ઞાન પ્રવાહ) | : | ધોરણ ________ થી _______ સુધી |
| ઉચ્ચતર માધ્યમિક (વિનયન પ્રવાહ/અન્ય પ્રવાહ) | : | ધોરણ ________ થી _______ સુધી |
| | : | ધોરણ ________ થી _______ સુધી |
| **19. શૈક્ષણિક વર્ષ (2023-24)માં વિધાર્થીઓનું કુલ નોધાયેલ નામાંકન અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું પરિણામ** | : | કુલ વિધાર્થીઓ: ________<br>કુમાર: _________<br>કન્યા: _________ |
| **20. શૈક્ષણિક વર્ષ(2024-25) માં વિધાર્થીઓનું કુલ નોધાયેલ નામાંકન અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું પરિણામ** | : | કુલ વિધાર્થીઓ: ________<br>કુમાર: _________<br>કન્યા: _________ |
| **21. શૈક્ષણિક વર્ષ ( 2025-26) માં વિધાર્થીઓનું કુલ નોધાયેલ નામાંકન અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું પરિણામ** | : | કુલ વિધાર્થીઓ: ________<br>કુમાર: _________<br>કન્યા: _________ |
| **22. સરેરાશ ત્રણ વર્ષનું બોર્ડનું પરિણામ** | : | _________ |
| **23. છેલ્લા શૈક્ષણિક વર્ષમાં વિધાર્થીઓની સરેરાશ હાજરીની ટકાવારી** | : | _________ |
| માધ્યમિક | : | કુલ વિધાર્થીઓ: ________<br>કુમાર: _________<br>કન્યા: _________ |
| ઉચ્ચતર માધ્યમિક ( વિજ્ઞાન પ્રવાહ) | : | કુલ વિધાર્થીઓ: ________<br>કુમાર: _________<br>કન્યા: _________ |
| ઉચ્ચતર માધ્યમિક (વિનયન પ્રવાહ/અન્ય પ્રવાહ) | : | કુલ વિધાર્થીઓ: ________ |

| | | |
|---|---|---|
| | | કુમાર: __________<br>કન્યા: __________ |
| **24. શૈક્ષણિક પ્રવૃત્તિ અર્થેના વર્ગખંડોની સંખ્યા** | : | કુલ ___________ વર્ગખંડો. |
| માધ્યમિક | : | કુલ ___________ વર્ગખંડો. |
| ઉચ્ચતર માધ્યમિક ( વિજ્ઞાન પ્રવાહ) | : | કુલ ___________ વર્ગખંડો. |
| ઉચ્ચતર માધ્યમિક (વિનયન પ્રવાહ/અન્ય પ્રવાહ) | : | કુલ ___________ વર્ગખંડો. |
| | : | કુલ ___________ વર્ગખંડો. |
| **25. શાળાની માલિકીની જમીનની વિગત** | : | કુલ જમીન __________ ચો.મી |
| **26. શાળાના હયાત બાંધકામની વિગતો** | : | કુલ ગ્રાઉન્ડ કવર એરિયા __________ ચો.મી |
| શાળામાં કુલ ઈમારતોની સંખ્યા | : | કુલ ______ ઈમારતો |
| ઈમારત-1 ની વિગતો | : | Completion Year: ______<br>Plinth Area: __________ ચો.મી<br>Built-Up Area: __________ ચો.મી |
| ઈમારત-2 ની વિગતો | : | Completion Year: ______<br>Plinth Area: __________ ચો.મી<br>Built-Up Area: __________ ચો.મી |
| ઈમારત-3 ની વિગતો | : | Completion Year: ______<br>Plinth Area: __________ ચો.મી<br>Built-Up Area: __________ ચો.મી |
| ઈમારત-4 ની વિગતો | : | Completion Year: ______<br>Plinth Area: __________ ચો.મી<br>Built-Up Area: __________ ચો.મી |
| ઈમારત-5 ની વિગતો | : | Completion Year: ______<br>Plinth Area: __________ ચો.મી<br>Built-Up Area: __________ ચો.મી |

| | | |
|---|---|---|
| ઈમારત-__ ની વિગતો | : | Completion Year: ______<br>Plinth Area: _________ ચો.મી<br>Built-Up Area: _________ ચો.મી |
| **27. રજૂઆત મુજબની જરૂરી માળખાકીય સુવિધાઓની વિગતો** | | |
| ખૂટતી માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટેનું સ્થળ | : | |
| ખૂટતી માળખાકીય સુવિધાઓના બાંધકામ માટે જમીન ઉપલબ્ધ છે | : | હા / ના |
| **જો હા તો**, કુલ ઉપલબ્ધ જમીન | : | સ્પષ્ટ ઉપલબ્ધ જમીન<br>______ ચો.મી x ______ ચો.મી |
| **જો ના તો,** ઉપલબ્ધ થવા માટે સમયગાળો | | |
| **અ) ખૂટતી માળખાકીય સુવિધાઓના બાંધકામની વિગતો** | | |
| વર્ગખંડો | : | કુલ _____ વર્ગખંડો |
| વર્ગખંડનું માપ | : | _____ મીટર X _____ મીટર |
| કુલ અંદાજિત વર્ગખંડોના બાંધકામની રકમ | : | રૂપિયા: _____ |
| શૌચાલયોની વિગતો | : | કુલ _____ ( ___ U +____ WC)<br>કન્યા _____ ( ___ U +____ WC)<br>કુમાર _____ ( ___ U +____ WC)<br>CWSN _______ |
| કન્યા શૌચાલયનું માપ | : | ___ મીટર X ___ મીટર<br>Urinal (U) ની સંખ્યા: ___<br>Toilets (WC) ની સંખ્યા: ___ |
| કુમાર શૌચાલયનું માપ | : | ___ મીટર X ___ મીટર<br>Urinal (U) ની સંખ્યા: ___<br>Toilets (WC) ની સંખ્યા: ___ |
| CWSN શૌચાલયનું માપ | : | ___ મીટર X ___ મીટર |

| | | |
|---|---|---|
| કુલ અંદાજિત શૌચાલયોના બાંધકામની રકમ | : | રૂપિયા: _____ |
| **કુલ અંદાજિત બાંધકામની રકમ** | : | **રૂપિયા: _____** |
| **બ) મેજર રીપેરીંગ / રીનોવેશનની વિગતો** | | |
| વર્ગખંડો | : | કુલ _____ વર્ગખંડો |
| શૌચાલયો | : | કુલ _____ શૌચાલયો |
| કન્યા શૌચાલય | : | કુલ _____ શૌચાલયો |
| કુમાર શૌચાલય | : | કુલ _____ શૌચાલયો |
| અન્ય શૈક્ષણિક હેતુ માટે વપરાતી ઈમારતો | : | કુલ ક્ષેત્રફળ ______ ચો.મી x ______ ચો.મી |
| વર્ગખંડો માટે અંદાજિત રકમ | : | રૂપિયા: _____ |
| શૌચાલયો માટે અંદાજિત રકમ | : | રૂપિયા: _____ |
| કન્યા શૌચાલય માટે અંદાજિત રકમ | : | રૂપિયા: _____ |
| કુમાર શૌચાલય માટે અંદાજિત રકમ | : | રૂપિયા: _____ |
| અન્ય શૈક્ષણિક હેતુ માટે વપરાતી ઈમારતો માટે અંદાજિત રકમ | : | રૂપિયા: _____ |
| **કુલ અંદાજીત રકમ** | : | **રૂપિયા: _____** |
| **28. માળખાકીય સુવિધાના અંદાજો બનાવનારનું નામ અને નોધણી ક્રમાંક** | : | |
| **29. માળખાકીય સુવિધાના નકશા બનાવનારનું નામ અને નોધણી ક્રમાંક** | : | |
| **30. માળખાકીય સુવિધાના અંદાજો અને નકશાઓને પ્રાથિમક બહાલી આપનારનું નામ** | : | |
| **31. માળખાકીય સુવિધાના અંદાજો અને નકશાઓ ને પ્રાથિમક બહાલી આપનારનો હોદ્દો** | : | |
| **32. માળખાકીય સુવિધાના અંદાજો અને નકશાઓ ખરાઈ કરનાર જિલ્લા પ્રોજેક્ટ ઈજનેરનું નામ** | : | |
| **33. શાળા પ્રતિનિધિનું નામ** | : | |
| **34. શાળા પ્રતિનિધિ હોદ્દો** | : | |

# **પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપર ભરેલ તમામ વિગતો રેકર્ડ આધારિત ચકાસણી કરીને ભરેલ છે. જે સાચી છે. ઉપરાંત દર્શાવેલ અંદાજિત રકમ તજજ્ઞ ધ્વારા તૈયાર કરેલ અંદાજોને ધ્યાને લઇ રજૂ કરેલ છે.

બિડાણ: ૧). ઉકત ચેકલીસ્ટ મુજબ જરૂરી આધાર-પૂરાવા શાળાની

૨). અત્યારની પરિસ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ (Latitude–Longitude–Date–Time સાથેના)

**સંસ્થા / ટ્રસ્ટીના**

**પ્રમુખ / મંત્રીનું નામ**

**સહી અને સિક્કો**

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ ૨.૦ અંતર્ગત
રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધા
માટે આર્થિક સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/GBM/e-file/3/2023/5028/G
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૮/૨૦૨૫

વંચાણે લીધો :-

- શિક્ષણ વિભાગનો તા.૦૮/૦૮/૨૦૨૫નો સમાનાંકી નવી બાબતનો વહીવટી મંજુરીનો ઠરાવ.

પ્રસ્તાવના :-

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. શાળાકીય શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે જેમાં ખાસ કરીને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અંતર્ગત રાજ્યમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન થઇ રહ્યું છે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવી રહેલ અનેક પરિણામલક્ષી પગલાંઓને લીધે અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં આવનાર સમયમાં ખૂબ વધારો થવાની સંભાવના છે. જેથી સરકારી શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આર્થિક સહાય આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શિક્ષણ વિભાગ હેઠળની અનુદાનિત શાળાઓનું મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ ૨.૦ અંતર્ગત સુદ્રઢીકરણ કરવા હેતુ આર્થિક સહાય આપવાનું નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

## ૧. માળખાકીય સુવિધા માટે સહાયની પાત્રતા

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ ૨.૦ અંતર્ગત પસંદ થયેલ નીચે મુજબની પાત્રતા ધરાવતી શિક્ષણ વિભાગ હસ્તકની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ યોજના અંતર્ગત આર્થિક સહાય મળવા પાત્ર થશે.

i. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા ધરાવતી હોવી જોઇશે.

ii. શાળાનું મકાન મંડળ/ ટ્રસ્ટની પોતાની માલીકીનું હોવું જોઇશે.(Owner)

iii. જે શાળામાં ધોરણ-૯ અને ૧૦ હોય તો કુલ વિદ્યાર્થી સંખ્યા ઓછામાં ઓછી ૫૦ અને ધોરણ- ૯ થી ૧૨ હોય તો કુલ વિદ્યાર્થી સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦ હોવી જોઇશે.

## ૨. માળખાકીય સુવિધા માટે આર્થિક સહાયનું ધોરણ

ઉપર મુજબની પાત્રતા ધરાવતી શાળાઓને ૮૦:૨૦ના પ્રમાણમાં નીચે મુજબની માળખાકીય સુવિધાઓ માટે થનાર ખર્ચના ૮૦% રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે, જ્યારે ૨૦% સંબંધિત શાળાના સંચાલક મંડળ દ્વારા ભોગવવાના રહેશે.

## 3. નીચે દર્શાવેલ માળખાકીય સુવિધાઓની જરૂરિયાત જણાતી હોય તો શાળાઓએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અરજી કરવાની રહેશે.

i. ખૂટતા વર્ગખંડના બાંધકામ

ii. મેજર રિપેરીંગ/રીનોવેશન

## ૪. વિવિધ પ્રકારની માળખાકીય સુવિધાના કામો માટે સહાયના ધોરણો

i. ઉપર જણાવેલ કામો માટે જે તે શાળામાં વિદ્યાર્થીઓના નામાંકનના આધારે શાળાની દરખાસ્ત ચકાસણી કર્યા બાદ મંજૂર થયેથી મળવાપાત્ર સરકારી ફાળાની મહત્તમ આર્થિક સહાય નીચે મુજબ રહેશે.

| અનુ નં. | શાળાની વિદ્યાર્થી સંખ્યા | આર્થિક સહાયની મહત્તમ રકમ (રૂ.) |
|---|---|---|
| ૧ | ૫૦ થી ૧૦૦ | ૨૦ લાખ |
| ૨ | ૧૦૧ થી ૧૫૦ | 30 લાખ |
| 3 | ૧૫૧ થી 300 | ૫૦ લાખ |

| | | |
|---|---|---|
| ૪ | ૩૦૧ થી ૫૦૦ | ૭૫ લાખ |
| ૫ | ૫૦૧ થી ૮૦૦ | ૧૦૦ લાખ |
| ૬ | ૮૦૧ થી ૧૨૦૦ | ૧૨૫ લાખ |
| ૭ | ૧૨૦૧ થી વધુ | ૧૫૦ લાખ |

ii. સરકારી ફાળાની ઉપર મુજબની રકમ ઉપરાંત ખરેખર રજૂ થનાર પ્લાન એસ્ટીમેટની ચકાસણી બાદ સમિતિ દ્વારા મંજૂર થનાર કામની કુલ રકમના ઓછામાં ઓછા ૨૦% રકમ સંસ્થા તરફથી ફાળા તરીકે જમા કરવાની રહેશે.

## ૫. માળખાકીય સુવિધાઓ માટેની સહાય આપવાની કાર્યપદ્ધતિ

i. ઉપર જણાવ્યા મુજબની આર્થિક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓએ મોડામાં મોડા જે તે વર્ષની 30 સપ્ટેમ્બર સુધીમાં નિયત નમૂનામાં તે અંગેની દરખાસ્ત સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે.

ii. જિલ્લા કક્ષાએ મળેલ દરખાસ્તોની નીચે મુજબની સમિતિ દ્વારા ચકાસણી કરી મંજૂર કરવાપાત્ર દરખાસ્તો અગ્રતાક્રમ માટેના સ્પષ્ટ અભિપ્રાય સાથે સમગ્ર શિક્ષા રાજ્ય કચેરીને મોડામાં મોડા જે તે વર્ષની ૩૧ ઓક્ટોબર સુધીમાં મોકલી આપવાની રહેશે.

| અનુ નં. | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| 3 | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૪ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૫ | કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન (સ્ટેટ) | સભ્ય |
| ૬ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સૌથી સિનિયર શિક્ષણ નિરીક્ષક | સભ્ય |
| ૭ | જિલ્લા પ્રોજેક્ટ ઇજનેર, સમગ્ર શિક્ષા | સભ્ય |

iii. ઉપરોક્ત સમિતિએ જિલ્લા કક્ષાએ શાળાઓ તરફથી મળેલ દરખાસ્તોની ચકાસણી નીચેની બાબતોને ધ્યાને રાખી કરવાની રહેશે.

- વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને રાખી માળખાકિય સુવિધાની જરૂરિયાત.
- શાળા સંકુલમાં શાળા સંચાલક મંડળની માલિકીની જમીન ઉપલબ્ધ હોવા અંગેના આધારો.
- શાળા સંચાલક મંડળની પોતાના ફાળાની રકમ ભરવા અંગેની બાંહેધરી.
- જે કિસ્સામાં હયાત મકાનમાં માળખાકિય સુવિધા ઉભી કરવાની થતી હોય તેવા કિસ્સામાં સ્ટ્રકચર સ્ટેબિલિટી સર્ટીફિકેટ.
- આ યોજના હેઠળ મંજુર થયેલા કામો અન્ય કોઇ યોજનાના કામો સાથે બેવડાતા નથી તે અંગેનું પ્રમાણપત્ર શાળા સંચાલક મંડળ પાસેથી મેળવી લેવાનું રહેશે.
- આ યોજના હેઠળ પાત્રતા ધરાવતી શાળાઓને ફક્ત એકવાર (One Time) સહાય મળવાપાત્ર રહેશે.
- આ સમગ્ર યોજનાનો સમયગાળો પાંચ વર્ષ એટલે કે (૨૦૨૫-૨૬ થી ૨૦૨૯-30) સુધીનો રહેશે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ નીચે મુજબ હોવું જોઈએ.

  (A) બિન આદિજાતિ વિસ્તાર-૭૫%

  (B) આદિજાતિ વિસ્તાર-૬૫%

- ગુણોત્સવનું પરિણામ:

  **શહેરી વિસ્તાર**:- છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષ પૈકી એક વર્ષમાં A+ ગ્રેડ(Five Star) તથા છેલ્લા બે વર્ષમાં A ગ્રેડ હોવો જોઈએ.

  **ગ્રામ્ય વિસ્તાર**:- છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષ પૈકી એક વર્ષમાં A ગ્રેડ (Two star) કે તેથી વધારે ગ્રેડીંગ હોવું જોઈએ.

- સંસ્થા/ટ્રસ્ટની આર્થિક સધ્ધરતા:

  - સંસ્થા/ટ્રસ્ટ PTR માં જંગમ મિલકતની કિંમત / બેંકબેલેન્સ / એફ.ડી. / રોકાણ નીચે મુજબ હોવું જોઈએ.

(A) મહાનગરપાલિકા વિસ્તારમાં ઓછામાં ઓછું રૂ.૧.૫૦ કરોડ (એક કરોડ પચાસ લાખ),

(B) નગરપાલિકા વિસ્તારમાં ઓછામાં ઓછું રૂ.૦૧ કરોડ (એક કરોડ),

(C) ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ઓછામાં ઓછું રૂ.૫૦ લાખ (પચાસ લાખ) હોવું જોઈએ.

- આર્થિક સધ્ધરતા અંગે રજિસ્ટર્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

- વિજ્ઞાન પ્રવાહની શાળાઓને અગ્રતા આપવાની રહેશે.
- કન્યા શાળાઓને અગ્રતા આપવાની રહેશે.
- મહત્તમ વિદ્યાર્થી સંખ્યા હોય તે શાળાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- છેલ્લા શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરી ૮૦% કે તેથી વધુ હોવી જોઈએ.
- છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ).
- આ સિવાયની જરૂરી જણાય તેવી બાબતો.
- મંડળ/ટ્રસ્ટની પોતાની માલીકીનું શાળાનું મકાન હોય અને તે પૈકી જે વર્ગખંડો જુના અને જર્જરીત હોય અને આવી દરખાસ્તોની ચકાસણી માટે ઉપર જણાવેલ જિલ્લા કક્ષાની સમિતિનો સ્પષ્ટ અભિપ્રાય હોય કે રીપેરિંગ/રિનોવેશન કરવું જરૂરી જ છે તો તે દરખાસ્ત સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગરને મોકલવાની રહેશે.

iv. જિલ્લા કક્ષાએથી મળેલી દરખાસ્તો પરત્વે સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર દ્વારા ચકાસણી કરીને શિક્ષણ વિભાગને મોકલવાની રહેશે અને તે અંગે આખરી નિર્ણય સરકારશ્રી દ્વારા લેવાનો રહેશે, જે આખરી ગણાશે.

v. મંજૂર થયેલ દરખાસ્તો માટે નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.

- સંબંધિત શાળાએ માર્ગ અને મકાન વિભાગના પ્રવર્તમાન SOR મુજબ માંગણી કરેલ કામના અંદાજો અને સક્ષમ સત્તાધિકારીએ મંજૂર કરેલ નકશા દિન-30માં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે રજૂ કરવાના રહેશે.

- સંબંધિત જિલ્લાના જિલ્લા પ્રોજેક્ટ ઇજનેર(સમગ્ર શિક્ષા)એ રજૂ થયેલ અંદાજો અને નકશાની ખરાઇ કરવાની રહેશે.
- ઉપરોક્ત કામગીરીની સમાંતરે સંબંધિત શાળા સંચાલક મંડળ અને જિલ્લા શિક્ષણાધિકારીનું સંયુક્ત બેંક એકાઉન્ટ ખોલાવવાનું રહેશે.
- જિલ્લા પ્રોજેક્ટ ઇજનેર(સમગ્ર શિક્ષા)એ અંદાજો અને નકશાની ચકાસણી અને ખરાઇ કર્યા બાદ મંજૂર થયેલ રકમના ૨૦% મુજબની સંસ્થાના ફાળાની રકમ સંબંધિત શાળાએ ઉપરોક્ત બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. ત્યારબાદ મંજૂર થયેલ રકમના ૨૦% મુજબની સરકારશ્રીના ફાળાની રકમ સદર બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.
- સંબંધિત શાળા સંચાલક મંડળ દ્વારા સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ ટેન્ડર પ્રક્રિયા કરી લાયકાત ધરાવતા ઇજારદારને જ કામગીરી સોંપવાની રહેશે.
- મંજૂર થયેલ કામ ૪૦% પૂર્ણ થયેથી જિલ્લા પ્રોજેક્ટ ઇજનેરે સ્થળ તપાસ કરી Level Certificate અને Third Party Inspection (T.P.I.) ગુણવત્તાનું સર્ટીફીકેટ રજુ કર્યેથી ઇજારદારને થયેલ કામ માટે ૪૦% રકમનું ચૂકવણું કરવાનું રહેશે.
- ઇજારદારને થયેલ કામનું ચૂકવણું થયા બાદ સરકારશ્રીના ફાળાની બીજા હપ્તાની 30% રકમ સંબંધિત બેંક એકાઉન્ટમાં જમા કરવાની રહેશે.
- મંજૂર થયેલ કામ ૭0% પૂર્ણ થયેથી જિલ્લા પ્રોજેક્ટ ઇજનેરે સ્થળ તપાસ કરી Level Certificate અને T.P.I. ગુણવત્તાનું સર્ટીફીકેટ રજુ કર્યેથી ઇજારદારને થયેલ કામ માટે 30% રકમનું ચૂકવણું કરવાનું રહેશે.
- ઇજારદારને થયેલ કામનું ચૂકવણું થયા બાદ સરકારશ્રીના ફાળાની ત્રીજા હપ્તાની 30% રકમ સંબંધિત બેંક એકાઉન્ટમાં જમા કરવાની રહેશે.
- મંજૂર થયેલ કામ ૧00% પૂર્ણ થયેથી જિલ્લા પ્રોજેક્ટ ઇજનેરે સ્થળ તપાસ કરી Completion Certificate અને T.P.I. ગુણવત્તાનું સર્ટીફીકેટ રજુ કર્યેથી ઇજારદારને થયેલ કામ માટે 30% રકમનું ચૂકવણું કરવાનું રહેશે.
- આ કામગીરી માટે જે કોઇ વહીવટી ખર્ચ થાય તે સબંધિત શાળા સંચાલક મંડળે ભોગવવાનો રહેશે.

૬. અન્ય બાબતો:

i. આ ઠરાવ હેઠળ સહાય મેળવવા અરજી કરવા બાબતે વિગતવાર કાર્યપધ્ધતિ તેમજ અરજીનું ફોર્મ અને જરૂરી ચેકલિસ્ટ સમગ્ર શિક્ષાની કચેરી ગાંધીનગર દ્વારા નિયત કરવાનું રહેશે.

ii. આ ઠરાવ હેઠળ સમગ્ર રાજ્યમાં થનાર કામોના ગુણવત્તા નિયંત્રણ અને દેખરેખ માટે થર્ડ પાર્ટી ઇન્સપેક્શન કરાવવા અંગેની વ્યવસ્થા સમગ્ર શિક્ષાની કચેરીએ કરવાની રહેશે.

iii. ઠરાવના અમલીકરણ માટે થનાર વહીવટી ખર્ચ પેટે મંજુર થયેલ ગ્રાન્ટના ૨% (બે ટકા) ની રકમ સમગ્ર શિક્ષાની કચેરીને મળવાપાત્ર રહેશે.

iv. આ યોજના હેઠળ તૈયાર થયેલ માળખાકિય સુવિધાનો ઉપયોગ માત્ર અનુદાનિત વર્ગોના વિદ્યાર્થીઓ માટે જ કરવાનો રહેશે.

v. કામ પૂર્ણ થયેથી શાળાના મકાન પર મંજૂર થયેલ ડિઝાઇન પ્રમાણેનું **"રાજ્ય સરકારના સહયોગથી - મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અંતર્ગત"** લખેલું બોર્ડ સ્પષ્ટ રીતે દેખાય તે મુજબ લગાવવાનું રહેશે.

vi. આ ઠરાવના ઉચિત અમલીકરણ માટે શિક્ષણ વિભાગ અથવા સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર નિર્ણય કરી શકશે અને જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે.

vii. આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૬/૦૮/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(એસ.જે. પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.અને મા.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત).
- વિભાગની સર્વે શાખાઓ.
- આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવ વિભાગની વેબસાઇટ પસર અપલોડ કરવા સારૂ).
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.

---

- પત્ર દ્વારા